SR — ૪૩૭

૨


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

(ગુજરાત સરકારનું સાહસ)

સેક્ટર - ૧૬, ૫ રોડ, ગાંધીનગર - ૩૮૨ ૦૧૬

ટેલીફોન : (સીધી લાઇન) ૨૩૨૯૦

પીએબીએક્સ - ૨૨૫૪૭, ૨૨૦૫૭, ૨૨૦૮૯

ટેલેક્સ : ૧૨૦ - ૩૨૨૭ સેવા-ઇન

ગ્રામ : જલસેવા


ક્ર:પીબા-૩/મોની.સેલ/ખાસ મરામત/૭૦૨/૯૭

તારીખ : ૨૦/૬/૯૭

પ્રતિ,

મુખ્ય ઇજનેરશ્રી,
ઝોન-૧/૨/૩/યાંત્રિક,
ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,
વડોદરા/અમદાવાદ/રાજકોટ/ગાંધીનગર.

વિષય: ગ્રામ્ય જુથ યોજનાઓના ખાસ મરામતની બાબત.

ઉપરોક્ત વિષયાન્વયે બોર્ડ કચેરીના પત્રક્ર:પીબા-૩/મોની.સેલ/એક્શન પ્લાન/૯૬-૯૭/૩૪૫, તા.૨૧/૫/૯૬થી જુથ યોજનાના ખાસ મરામત અંગે દરખાસ્તોની ચકાસણી માટે બોર્ડ કક્ષાએ ચકાસણી સમિતિની રચના કરવામાં આવેલ છે. તા.૩૧/૩/૯૭ની રાજ્ય મીટીંગ દરમ્યાન ખાસ મરામત અંગેની સમિતિની જરુરિયાત છે કે કેમ? તે અંગે ચર્ચા કરતાં સમીક્ષા કરીને નિર્ણય લેવાનું નક્કી કરવામાં આવેલું. પૂરતી સમીક્ષા કર્યાબાદ નીચેના શરતોને આધીન નોસોર્સના નોર્મ્સ મુજબ સક્ષમ અધિકારીને ખાસ મરામત અંગેની મંજુરીના સત્તાઓ પરત સુપ્રત કરવામાં આવે છે.:-

૧: જીલ્લાવાર નાણાંકીય જોગવાઇને અનુલક્ષીને અગ્રતાક્રમ નક્કી કરીને અધિક્ષક ઇજનેરશ્રી તથા મુખ્ય ઇજનેરશ્રીએ તેમની સત્તા મુજબ વહીવટી મંજુરી આપવાની રહેશે.

૨: જે જુથ યોજનાના સોર્સ નિષ્ફળ ગયા હોય કે દુષિત થયા હોય અથવા અપૂરતા હોય ત્યાં નવીન સોર્સના કામગીરી હાથ ધરી શકાશે.

૩: સ્ટેન્ડપોસ્ટ, હવાડા અને ટાંકાઓના રીપેરીંગની કામગીરી પણ થઇ શકશે.

૪: પમ્પીંગ મશીનરી બદલવાની કે રીપેરીંગ કરવાની કામગીરી થઇ શકે. જે જુથ યોજના ઓછામાં ઓછા ૧૫ વર્ષ પહેલાં પૂર્ણ કરેલ હોય અને અમુક વિસ્તારમાં પાઇપ લાઇન બદલવાની જરુર હોય તો તે પાઇપ લાઇન બદલવા માટે પણ મંજુરી આપી શકાશે.

જુથ યોજનામાં ગામો ઉમેરાવાના કારણે જો લાઇન બદલવાની હોય તો તે અંગે તાંત્રિક ચકાસણી કરીને સક્ષમ અધિકારી મંજુરી આપી શકશે.

૫: જેતે જુથ યોજનાના કામોને સક્ષમ અધિકારી ફક્ત એકજ વખત વર્ષમાં મંજુરી આપી શકશે. જો જુથ યોજનાની અંદાજીત રકમ વધતી હોય તો જેતે અધિકારીને આ અંગે સુયોગ્ય દરખાસ્ત મોકલવી.

૬: આ કાર્યક્રમ હેઠળ નવા સ્ટોરેજના કામો ગ્રામકક્ષાએ હાથ ધરી શકાશે નહીં, પરંતુ જુની જુથ યોજનામાં ચણતર કામના ટાંકાઓને બદલે આરસીસી. ટાંકાઓ કરવાની જરુરીયાત હોય તો મુખ્ય ઇજનેરશ્રીના મંજુરી મેળવીને આ કામ હાથ ધરી શકાશે.

૭: કોઇ એક યોજનામાં એકવર્ષ દરમ્યાન રૂા.૧૫/-લાખથી વધુ રકમના કામો હાથ ધરી શકાશે નહીં. પરંતુ જો તે ઉપરાંત વધુ રકમના કામો હાથ ધરવાની જરુરીયાત હોય તો સભ્ય સચિવશ્રીના મંજુરી મેળવીને આ કામ હાથ ધરવાના રહેશે.

૮: ઉંચા ટાંકા, કમ્પાઉન્ડ વોલ, ફીલ્ટ્રેશન પ્લાન્ટ, સ્ટાફ કવાર્ટર્સ વગેરે કામો હાથ ધરી શકાશે નહીં.

ઉપર દર્શાવ્યા મુજબના શરતોને આધીન જુથ યોજનાઓના ખાસ મરામત અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

(કે.બી.પટેલ)
સભ્ય સચિવ

નકલ સવિનય રવાના:-

૧: મુખ્ય ઈજનેરશ્રી, મટીરીયલ સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર.
૨: નાયબ નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.
૩: અધિક્ષક ઈજનેરશ્રી, ટેકનીકલ સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર.
૪: અધિક્ષક ઈજનેરશ્રી, નર્મદા સેલ, સે.૧૬, ગાંધીનગર.
૫: નિયામકશ્રી, જલસેવા તાલીમ સંસ્થા, ગાંધીનગર.
૬: અધિક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય વર્તુળ, ____________
૭: અધિક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, ____________

૨૯.૫.૯૫

૩૨૧૪૯૫ (૧૫૧

ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાઓ ખાસ
મરામતની માટે મંજુરી માટેની સમિતિ રચવા
બાબત

પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સેકટર–૧૬,ઘ ૫ ગાંધીનગર પત્રક્રમાંકપીબી–૩/
મોની.સેલ/ ૩૬૦
તા. ૩.૫.૨૦૦૦

વંચાણે લીધાઃ– (૧) મુખ્ય ઈજનેર પ્લાનીગ બોર્ડ કચેરી પત્ર ક્રમાંકઃ પીબી–૩/મોની.સેલ/એકશન પ્લાન
/૯૯–૨૦૦૦/૧૭૬/૨૭/ તા.૧૦–૧–૨૦૦૦
(૨) બોર્ડ કચેરી પત્ર ક્રમાંક : પીબી–૩/મોનીસેલ/ખાસ મરામત/૪૦૨/ ૯૭/ તા.૨૦/૬/૯૭

<u>આમુખઃ</u>

ગ્રામ્ય પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દવારા અત્યારે ૪૪૩૨ ગામોને/ ફળિયાને આવરી લેતી ૩૯૨ ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાઓની મરામત અને નિભાવણીની કામગિરી કરવામાં આવે છે.અમુક ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાઓ લગભગ ૧૫ વર્ષ કે તેથી વધુ સમય પહેલાં કાર્યરત થયેલ છે.આવી યોજનાઓ માટે સોર્સ સુધારણના, કે અન્ય કામગિરી કરવાની જરુર પડે છે.આ માટે સરકાર દવારા વર્ષે લગભગ રું.૨૦.૦૦ કરોડ ફાળવવામાં આવે છે.આવી કામીગરી માટેની દરખાસ્તો મૂળ અંદાજીત રકમ કરતાં ઘણી વખત વધુ હોય છે.આથી મરામત નિભાવણી માટેની યોજનાઓ મંજુર કરવા માટે બોર્ડ કક્ષાએ સભ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને સમિતિની રચના કરવાનુ નકકી થયેલ છે.

<u>ઠરાવઃ</u>

ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાઓની ખાસ મરામત(સ્પેશ્યલ રીપેર્શ) માટે ઝોન દવારા આવેલ દરખાસ્તોની ચકાસણી અને મંજુરી આપવા માટે નીચે મુજબ સમિતિની રચના કરવામાં આવે છે.

ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાની ખાસ મરામત હેઠળ મંજુરી આપવા માટેની સમિતિ.

| | | |
|---|---|---|
| | સભ્ય સચિવશ્રી | અધ્યક્ષ |
| ૧. | મુખ્ય ઈજનેર(પ્લાનીગ) | સભ્ય |
| ૨. | મુખ્ય ઈજનેરશ્રી(ઝોન–) સબંધિત | સભ્ય |
| ૩. | અધિક્ષક ઈજનેર(ટેક.સેલ) | કન્વીનર |
| ૪. | | |

JMP

FILENAME C:\My Documents\gkn.doc

૩/૫.૯૫ 143

કામગીરીઃ

ખાસ મરામત કાર્યક્રમ અન્વયે ઉપલબ્ધ ફંડની ફાળવણીને અનુરુપ ઝોન કક્ષાએથી આવેલ યોજનાઓની દરખાસ્તની ચકાસણી કરી સૈધ્ધાંતિક મંજુરી આપવી.

ઝોન કક્ષાએથી મંજુરી માટે સાદર કરવામાં અને તે દરખાસ્તો માં સામેલ પત્રક મુજબ શરતો અને ચેક લીસ્ટની વિગતો હોવી જરુરી છે. અધુરી વિગતો માહિતી વાળી દરખાસ્તો ગ્રાહય રાખવામાં આવશે નહી.તેની દરેક મુખ્યઈજનેરશ્રી ઝોને નોંધ લેવી. આ પરિપત્ર અમલમાં આવ્યેથી સંદર્ભ–૨ હેઠળનો પત્ર અમલમાં રહેતો નથી.

(કે.બી. પટેલ)
સભ્ય સચિવશ્રી

નકલ રવાના પ્રતિ,
(૧) મા. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, બોર્ડ કચેરી ગાંધીનગર.
(૨) મા. સભ્યસચિવશ્રીના અંગત મદદનીશશ્રી બોર્ડ કચેરી ગાંધીનગર.
(૩) મુખ્યઈજનેરશ્રી, ઝોન–૧/૨/૩, વડોદરા/અમદાવાદ/રાજકોટ.
(૪) મુખ્યઈજનેરશ્રી, પ્લાનીગ, યાંત્રિક–( મટેરીયલ), યાંત્રિક (એચ.આર.ડી) ગાંધીનગર.
(૫) નિયમકશ્રી, જલસેવા તાલીમ સંસ્થા ગાંધીનગર.
(૬) નાણાનિયંત્રકશ્રી, બોર્ડ કચેરી ગાંધીનગર.
(૭) અધિક્ષકઈજનેરશ્રી, ટેકનીકલ સેલ, અછત એકમ ગાંધીનગર.
(૮) અધિક્ષકઈજનેરશ્રી સર્વે.
(૯) કાર્યપાલકઈજનેરશ્રી સર્વે.
(૧૦) માસ્ટરફાઈલ (મોનીટરીગ સેલ)

૩૫/૫ ક્ષ

૧૬૫

બોર્ડના પત્ર ક્રમાંકઃપીબી/ઉમોની.સેલ/ખાસ મરામત/ ના પત્રનું બિડાણ

ખાસ મરામત માટે નીચેની શરતોને આધીન દરખાસ્ત કરવી.

૧. જે જુથ યોજનાના સોર્સ નિષ્ફળ ગયા હોય કે દૂષિત થયા હોય અથવા અપૂરતા હોય ત્યાં નવીન સોર્સની કામગીરી

૨. પંપીગ મશીનરી બદલવાની કે રીપેરીગની કામગીરી, તેમજ સ્ટેન્ડપોસ્ટ, હવાડા અને ટાંકીની રીપેરીગની કામગીરી

૩. જે યોજના ૧૫ વર્ષ પહેલાં પૂર્ણ થયેલ હોય તે યોજના માટે અમૂક વિસ્તારમાં પાઈપલાઈન બદલવાની જરુર હોય તો તે પાઈપ લાઈન બદલવા માટે.

૪. ઉંચી ટાંકી, કંપાઉન્ડવોલ, ફીલ્ટેશન પ્લાન્ટ ,સ્ટાફ કવટર્સ વગેરે કામો હાથ ધરી શકાશે નહી.

૫. જીલ્લાવાર નાણાંકિય જોગવાઈને અનુરુપ અગ્રતાક્રમ નકકી કરી દરખાસ્ત કરવી.

૬. જે તે જુથ યોજના માટે ખાસ મરામત હેઠળ અગાઉ કોઈ મંજુરી આપવામાં આવેલ ન હોય.

ખાસ મરામત માટે કરવામાં આવતી દરખાસ્તો માં ચેકલીસ્ટ.

(૧) અગાઉ યોજના ક્યારે મંજુર થઈ,અંદાજીત કિંમત, ક્યારે પુર્ણ કરી, પાણી શરુ કર્યા તારીખ, યોજના પાછળ થયેલ કુલ ખર્ચ

(૨) યોજનામાં સમાવેશ ગામ/ફળિયા,વસ્તી,હાલમાં પીવાના પાણીની પરિસ્થિતિ.

(૩) મૂળ યોજના ઉપરાંત વધારે ઉમેરાયેલ ગામ/ફળિયાની વિગતો. તેમજ નવા ગામો ઉમેરવાને કારણેકરવાના થતા તાંત્રિક ફેરફારોની વિગતો હાઈડ્રોલીક સ્ટેટમેન્ટ સહિત

(૪) હયાત સોર્સની વિગતો,કામોની વિગતો,

FILENAME \p C:\My Documents\gkn.doc